# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

## ૩૮મી નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

તારીખ: ૧૧/૦૯/૨૦૨૬ | સમય: બપોરે ૦૩:૦૦ કલાકે | સ્થળ: ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની નાણાં સમિતિની ૩૮મી બેઠક શુક્રવાર, તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે યોજવામાં આવી હતી. બેઠકમાં ઉપસ્થિત સમિતિના સભ્યોની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજરી |
|---|---|---|---|
| ૧ | ડૉ. ટી. એસ. જોષી | અધ્યક્ષ, કુલપતિશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી | હાજર |
| ૨ | ડૉ. ભદ્રાયુ વછરાજાની | સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના નોમિની | હાજર |
| ૩ | શ્રી દુર્ગેશ બુચ | સભ્ય, સરકારશ્રીના નોમિની | ગેરહાજર |
| ૪ | પ્રો. સંજયકુમાર ગુપ્તા | સભ્ય, કુલસચિવશ્રી (ઇન્ચાર્જ), ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી | હાજર |
| ૫ | સુશ્રી જાહ્નવી જે. ત્રિવેદી | સભ્ય સચિવ, નાણાં અને હિસાબી અધિકારી | હાજર |

માનનીય કુલપતિશ્રીએ નાણાં સમિતિના તમામ સભ્યોનું સ્વાગત કર્યા બાદ એજન્ડાવાર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી અને સર્વાનુમતે નીચે મુજબના ઠરાવો કરવામાં આવ્યા:

**એજન્ડા-૦૧:** તા. ૨૨/૦૭/૨૦૨૬ના રોજ યોજાયેલી ૩૭મી નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ સમિતિ સમક્ષ વિચારણા અને મંજૂરી અર્થે રજૂ કરવા બાબત. (હિસાબી શાખા)

**ઠરાવ-૦૧:** તા. ૨૨/૦૭/૨૦૨૬ના રોજ યોજાયેલી ૩૭મી નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

**એજન્ડા-૦૨:** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા. ૧૫/૦૨/૨૦૨૪ના ઠરાવને ધ્યાને લેતાં, ઓવરટાઈમ માટે સામાન્ય વેતનના બમણા દરે ચૂકવણી કરવાની રહે છે. તે મુજબ, જુલાઈ ૨૦૨૬થી, GeM મારફતે મંજૂર થયેલ મેનપાવર એજન્સીને આપવામાં આવેલ વર્ક ઓર્ડરમાં ઓવરટાઈમ માટે સામાન્ય વેતનના બમણા દરે ચુકવણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, માનનીય કુલપતિશ્રીના ડ્રાઇવરને દર મહિને ₹૨,000/- વધારાની રકમ ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી છે. આ વર્ક ઓર્ડર એજન્સી દ્વારા સ્વીકારવામાં આવેલ છે. (બાંધકામ શાખા)

**ઠરાવ-૦૨:** સર્વાનુમતે આ બાબતને મંજૂરી આપવામાં આવી.

**એજન્ડા-03:** તા. ૩૧/૧૨/૨૦૨૬ થી 03/0૧/૨૦૨૭ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે યોજાનાર 'Direct State Level Athletics Meet 5.0' ના આયોજન અર્થે થનાર અંદાજિત રૂ. ૫૨,૨0,000/- ની રકમના ખર્ચને મંજૂરી આપવા બાબત. (શાખા: બાલભવન વિભાગ)

**ઠરાવ-03:** સદર બાબતે સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે આ અંગેનો તમામ ખર્ચ પ્રથમ તબક્કે CSR ફંડ તેમજ બાલભવનની આવકમાંથી ઉધારવાનો રહેશે. આવશ્યકતા મુજબ યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી ખર્ચ મંજૂર કરવા અંગે માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવ્યા.

**એજન્ડા-0૪:** 'Toy Science Centre' માટે રૂ. ૭,0૨,૧00/- ની કિંમતના ટેબલો ખરીદવામાં આવેલ છે. આ ખર્ચ BPCL દ્વારા કરવાનો હતો. તેથી BPCL પાસેથી મળવાપાત્ર રકમ યુનિવર્સિટીના Own Fund માં ટ્રાન્સફર કરવામાં આવી છે. (હિસાબી શાખા)

**ઠરાવ-0૪:** આ બાબતને સમિતિ દ્વારા સર્વાનુમતે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી.

**એજન્ડા-0૫:** Building Works Committee (BWC) ની ૮મી બેઠક (તા. 0૮/0૯/૨૦૨૬) ની કાર્યવાહી નોંધ સમિતિ સમક્ષ વિચારણા અને મંજૂરી અર્થે રજૂ કરવા બાબત. (બાંધકામ શાખા)

**ઠરાવ-0૫:** Building Works Committee ની ૮મી બેઠકની કાર્યવાહી નોંધ અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી અને BWC ના ઠરાવો સંદર્ભે નાણાં સમિતિ દ્વારા નીચે મુજબના સુધારેલા નિર્દેશો સાથે મંજૂરી આપવાનું નક્કી કરવામાં આવ્યું:

- **ઠરાવ નં. ૧ (M/s Kakani Associates):** "FAO and Branch Head Estate are directed to verify whether university norms and agreement clauses permit third-party verification (e.g:, through the Architects' Association or a competent external agency) for the work/service rendered regarding the bill of Rs. 1,79,61,724/-, and accordingly proceed with the proper mode of payment. If such a provision exists, it

shall be executed accordingly; if no such provision exists in the agreement/norms, the matter shall be submitted to the Hon'ble Vice Chancellor for necessary action under special executive powers for further processing as per university norms. And in that case Hon'ble Vice Chancellor is empowered to sanction the payment and complete the process of payment to the party...and that should be put to the next EC for Bahaali to the VC's decision.

- ઠરાવ નં. ૨ (M/s L J Purani & Associates): "FAO and Branch Head Estate are directed to verify whether university norms and agreement clauses permit third-party verification (e.g., through the Architects' Association or a competent external agency) for the work/service rendered by M/s L J Purani & Associates regarding the bill of Rs. 35,20,000/-. If such a provision exists, it shall be executed accordingly; if no such provision exists in the agreement/norms, the matter shall be submitted to the Hon'ble Vice Chancellor for necessary action under special executive powers for further processing as per university norms. Additionally, options including R&B, SmS (Samagra Shiksha), or other government organizations may be explored for construction execution... And when final clarity is sought Hon'ble Vice Chancellor is empowered to sanction the payment and complete the process of payment to the party...and that should be put to the next EC for Bahaali to the VC's decision.

- ઠરાવ નં. 3 (HP Rajyguru Contractor): "The payment proposal for contractor HP Rajyguru is approved by all members of the Finance Committee except the Registrar. It was directed to thoroughly check all applicable deductions as per university norms before releasing payment, and to obtain a formal commitment/confirmation from the agency for timely completion of the remaining work.... And when final clarity is sought Hon'ble Vice Chancellor is empowered to sanction the payment and complete the process of payment to the party...and that should be put to the next EC for Bahaali to the VC's decision.

- ઠરાવ નં. ૪ (અન્ય બાબતો): "All other resolutions and items contained in the minutes of the 8th Building and Works Committee meeting are approved as presented."

**એજન્ડા-૦૬:** બાહ્ય એજન્સીઓ દ્વારા યુનિવર્સિટીના હોલનો ઉપયોગ/ભાડે લેવામાં આવે ત્યારે યુનિવર્સિટી દ્વારા વસૂલવામાં આવનાર હોલ ભાડું નક્કી કરવા બાબત. (બાંધકામ શાખા)

**ઠરાવ-૦૬:** આ અંગે ચર્ચા-વિચારણાના અંતે બાંધકામ શાખાને યોગ્ય નીતિ (Policy) બનાવી રજૂ કરવા સૂચના આપવામાં આવી. હાલની જરૂરિયાત ધ્યાને લઈ ઓછામાં ઓછું રૂ. ૫,૦૦૦/- પ્રતિ ઉપયોગ ભાડું નક્કી કરવામાં આવ્યું. સેવાભાવી સંસ્થાઓ અથવા વિશેષ સંજોગોમાં ભાડું માફ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી.

**અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ એજન્ડા-૦૭:** યુનિવર્સિટીના સ્વ-ભંડોળ (Own Fund) ની રકમ માટે રાષ્ટ્રીયકૃત / શિડ્યુલ્ડ બેંકોમાં Auto Sweep Account ખોલવા તથા GSFS (Gujarat State Financial Services Ltd.) માં રોકાણ / એફડી કરવા બાબત. (શાખા: હિસાબી શાખા)

**ઠરાવ-૦૭:** આ બાબતે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી અને યુનિવર્સિટીના સ્વ-ભંડોળ (Own Fund) ની ઉપલબ્ધ રકમ પર વધુ વ્યાજ મેળવવાના હેતુથી રાષ્ટ્રીયકૃત બેંક અથવા શિડ્યુલ્ડ બેંકમાં Auto Sweep Account ખોલવા અંગે તેમજ ભવિષ્યમાં જરૂરિયાત મુજબ GSFS (ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ) અથવા સરકારી નિયમાનુસારની સંસ્થાઓમાં રોકાણ / એફડી (Fixed Deposit) કરવા અંગે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી. આ અંગેની જરૂરી કાર્યવાહી કરવા તથા જરૂર જણાય ત્યાં નિર્ણય લેવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા સુપ્રત કરવામાં આવી.

તારીખ: ૧૧/૦૯/૨૦૨૬

સ્થળ: ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

**(સુશ્રી જાહ્નવી જે. ત્રિવેદી)**

સભ્ય સચિવ, નાણાં અને હિસાબી અધિકારી

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર